## સૌરાષ્ટ્ર કેસરી, મુનિ પુંગવ

# સ્વ. પૂ. ગુરૂદેવ પ્રાણલાલજી મ.સા.ની

## જીવન તવારીખ



**શુભ નામ** : પ્રાણલાલભાઈ

**જન્મભૂમિ** : વેરાવળ

**માતાપિતા** : શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાસા. માતા સંસ્કાર સંપન્ના કુંવરબાઇ.

**જ્ઞાતિ** : વીસા ઓસવાળ

**જન્મદિન** : વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ-સોમવાર

**ભાતૃ-ભગિની** : બે ભાઈ, બે બહેનો.

**વૈરાગ્ય બીજારોપણ** : બે વર્ષની બાલ્યવયે.

**વૈરાગ્ય ભાવ-પ્રગટીકરણ** : ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં

**સંયમ સ્વીકાર** : ૨૧માં વર્ષે વિ.સં. ૧૯૭૬ ફાગણ વદ-૬ ગુરૂવાર તા. ૧૩.૩.૧૯૨૦

**દીક્ષા ભૂમિ** : બગસરા દરબાર વાજસુરવાળાના ઉધાનમાં વટવૃક્ષ નીચે

**ગચ્છ પરંપરા** : ગોંડલ ગચ્છ

**ગચ્છ આધપ્રણેતા** : એકાવતારી યુગપુરૂષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.

**સંયમદાતા** : મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા.

## પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.નો જીવન પરિચય...

**શિક્ષા દાતા** : પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ.સા.

**ધાર્મિક અભ્યાસ** : આગમજ્ઞાન, તત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ

**સંઘ નેતૃત્વ** : ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ.સા. ના સંથારાના સમયથી.

**સમાજોત્કર્ષ** : ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) સમન્વયવાદ (૨) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૩) અખંડનવાદ નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન-જૈનેતરો (કાઠી દરબાર, આહિર) ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના.

**જ્ઞાન પ્રસાર** : રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોદ્ધાર.

**દેહ વૈભવ** : લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત લેશ્યા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના.

**આભ્યંતર વૈભવ** : વિનય સંપન્નતા, વિવિક, સાદાઇ, પ્રેમ, વૈરાગ્ય, સેવા પ્રવચન - પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દ્રષ્ટિ, ત્યાગમસ્તી

**વિહાર ક્ષેત્ર** : સૌરાષ્ટ્ર, ગુજરાત

**ગોંડલ ગચ્છ સંમેલન** : વિ.સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્વનું યોગદાન

**ઉપનામ** : પંજાબ કેસરી કાશીરામજી મ.સા. દ્વારા પ્રદત્ત સૌરાષ્ટ્ર કેશરી

**સ્વહસ્તે દીક્ષિત પરિવાર** : ચાર સંત-તપોધની પૂ. રતિલાલજી મ.સા, અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ.સા, પૂ. નાના રતિલાલજી મ.સા., પરમ દાર્શનિક પૂ. જયંતીલાલજી મ.સા., પૂ. મોટા પ્રભાબાઇ મ. આદિ ૧૫ સતિજી.

**અંતિમ ચાતુર્માસ** : બગસરા

**દેહ વિલય** : વિ.સં.૨૦૧૩ માગસર વદ તેરસ શનિવાર પ્રાત: ૭.૩૦ કલાકે ઇ.સ. ૨૯-૧૨-૧૯૫૬.

**અંતિમ વિધિ** : સાતલડી નદીના કિનારે (બગસરા)

**શિષ્ય પરિવાર** : વર્તમાને ૧૨૦ સંત-સતિજીઓ પ્રાણ પરિવાર ના નામે ભારતભરમાં પ્રસિદ્ધ છે.